sabarmati RIVERFRONT

# ઈવેન્ટ સેન્ટરની જગ્યા વાપરવા માટેના નિયમો/શરતો

1. કાર્યક્રમ/વપરાશ રાખનાર વ્યક્તિ/સંસ્થાએ નિયત કરેલ ફોર્મમાં પૂરેપૂરી માહિતી સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે.
2. કાર્યક્રમ માટેનું ઓનલાઈન બુકિંગ છ માસ અગાઉથી ચાલુ થશે. જે તે તારીખ અને સમય માટે જગ્યા ઉપલબ્ધ હશે તે પ્રમાણે અરજદાર બુકિંગ કરી શકશે.
3. વપરાશનો સમય સવારના ૮.૦૦ થી બીજે દિવસના સવારના ૮.૦૦ કલાક સુધીનો રહેશે.
4. ભાડાની રકમ તથા ડીપોઝીટ ભર્યા વગરની અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહી. બુકિંગ માત્ર સાબરમતી રીવરફ્રન્ટ ની વેબસાઈટ www.sabarmatiriverfront.com દ્વારા કરવાની રહેશે.
5. બુકિંગની રકમ અરજદારે માત્ર "ઓનલાઈન પેમેન્ટ ગેટવે" દ્વારા ભરવાની રહેશે. અરજદાર ઉપલબ્ધ વિકલ્પો દ્વારા પેમેન્ટ કરી શકશે. પેમેન્ટ થયા બાદ જ અરજદાર ને કન્ફરમેશન મેઈલ મળશે.
6. જો અરજદારને બુકિંગના ૨૪ કલાકમાં કન્ફરમેશન મેઈલ ન આવે તો તેઓએ બુકિંગ કન્ફરમેશન માટે ઓફિસમાં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.
7. સદર ઈવેન્ટ ગ્રાઉન્ડમાં જુદા જુદા બ્લોકનું બુકિંગ ઉપલબ્ધતા મુજબ કરી શકાશે.
8. જગ્યાની વાપરવાની પરવાનગી જરૂરી પુરાવા અને જરૂરી પેમેન્ટ કર્યા બાદ જ મળશે.
9. કોઈપણ પરીસ્થિતિ માં કાર્યક્રમ માટે નક્કી કરેલ દિવસોમાં ઘટાડો કરવા દેવામાં આવશે નહી.
10. વપરાશ માટે રાખનાર વ્યક્તિ/સંસ્થાએ જે હેતુ માટે જગ્યા વાપરવા રાખી હોય તે જ હેતુ માટે ઉપયોગ કરી શકાશે. જો તે હેતુમાં કોઈ ફેરફાર કરવાનો જણાય તો તેની મંજુરી ફરજીયાત પણે કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉથી booking@srfdcl.com પર અરજી કરી મેળવવાની રહેશે. જો વધારાની ભાડાની ફી ભરવાની થાય તો તે ભાડાની રકમ તથા ડીપોઝીટ ફી ભર્યા બાદ જ આવો ફેરફાર કરવા દેવામાં આવશે.
11. વપરાશ દરમિયાન સા.રી.ફ્ર.ડે.કો.લી. ની મિલકત ને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સઘળી જવાબદારી જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. સા.રી.ફ્.ડે.કો.લી. દ્વારા નક્કી કરેલ નુકશાન ની રકમ ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. જો નુકશાન ની રકમ ડીપોઝીટ ની રકમ કરતાં વધારે હશે તો વ્યક્તિ/સંસ્થાએ જે તે નુકશાની રકમ ભરપાઈ કરવાની રહેશે.આ અંગે સા.રી.ફ્ર.ડે.કો.લી. એ કરેલ નિર્ણય આખરી ગણવામાં આવશે.
12. ઈવેન્ટ ગ્રાઉન્ડ જે પરિસ્થિતિમાં ઉપયોગ કરવા માટે લીધેલ હોય તે પરિસ્થિતિમાં જ પરત કરવાનો રહેશે.
13. સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા હયાત લાઈટનો પોઈન્ટ આપવામાં આવશે પરંતુ ડેકોરેટિવ તથા વધારાની લાઈટની જરૂરિયાત જણાય તો તે અરજદારે જાતે કરવાની રહેશે. (ડિ.જી. સેટ જનરેટર રાખી વધારાની લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે).

14. સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કોઈ પણ કારણોસર કાર્યક્રમ રદ કરવાની તથા તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર સા.રી.ફ.ડે.કો.લી.નો રહેશે. અને સા.રી.ફ્ર.ડે.કો.લી. આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.
15. જો કોઈ કારણોસર વ્યક્તિ/સંસ્થા તરફથી બુકિંગ કેન્સલ કરાવવામાં આવશે તો નીચેના ધોરણે રકમ રીફંડ આપવામાં આવશે.
    (અ) કાર્યક્રમના ૧૫ દિવસ અગાઉ બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૭૫% રીફંડ આપવામાં આવશે.
    (બ) કાર્યક્રમના 3 દિવસ અગાઉ અને ૧૫ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૫૦% રીફંડ આપવામાં આવશે.
    (ક) કાર્યક્રમના ૧ દિવસ અગાઉ અને ૩ દિવસની અંદર બુકિંગ કેન્સલ કરાવે તો ભાડાના ૨૫% રીફંડ આપવામાં આવશે.
    (ડ) જો કાર્યક્રમના દિવસે કાર્યક્રમ રદ કરવાની અરજી આવે તો કોઈ પણ જાતનું રીફંડ આવશે નહી.
    (ઈ) ડીપોઝીટની પૂરે પૂરી રકમ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા રીફન્ડ કરવામાં આવશે.
16. સાબરમતી રિવરફ્રન્ટની જગ્યાનો વાસ્તવિક વપરાશ સા.રી.ફ્ર.ડે.કો.લી.ના અધિકારીઓ દ્વારા પ્રમાણિત કરવામાં આવશે. મંજૂર થયેલ જગ્યા કરતાં વાસ્તવિક વપરાશ વધારે હશે તો લાગુ પડતી રકમ ડીપોઝીટ માંથી કાપી લેવામાં આવશે. જે અંગે સા.રી.ફ્ર.ડે.કો.લી.નો નિર્ણય આખરી રહેશે.
17. ઈવેન્ટ ગ્રાઉન્ડનાં પ્લોટ A, B, C, D & E બ્લોક માટે માન્ય થયેલ ભાડું ચુકવવાનું રહેશે. મીનીમમ એક બ્લોક ભાડે લેવાનો રહેશે.
18. જગ્યા વાપરનાર વ્યક્તિ/સંસ્થાએ ખુરશી, લાઉડ સ્પીકર તથા વધારાની લાઇટની વ્યવસ્થા કરવાની રહેશે.
19. વ્યક્તિ/સંસ્થાએ આ જગ્યા બીજી કોઈ વ્યક્તિ/સંસ્થાને વપરાશ માટે આપી શકશે નહી. તેમ છતાં જો મંજુરી વગર બીજાને ઉપયોગ કરવા આપ્યાનું જણાશે તો ભરેલી ડીપોઝીટ ની રકમ જપ્ત કરવામાં આવશે અને બુકિંગ કેન્સલ કરવામાં આવશે.
20. બ્લોક A માં જે પાર્ટી દ્વારા બુકીંગ કરવામાં આવશે તે પાર્ટીને ફરજિયાત બ્લોક A માટે 98 KW સુધીનો પાવર સપ્લાય લેવાનો રહેશે. જેના માટે નાગરીકો / સંસ્થાએ પ્રતિ યુનિટ રૂ. ૧૧.૦ લેખે ઈલેક્ટ્રીક ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. ખરેખર વપરાયેલ યુનિટ તથા તેના ચાર્જ ની રકમ લાઇટ ની ડિપોઝિટ માંથી કાપી લેવામાં આવશે. લાઇટ ની ડિપોઝિટ પેટે અલગ થી રૂપિયા 15,000/– ચૂકવવાના રહેશે.
21. બ્લોક B, C, D અને E બુક કરાવનાર પાર્ટી ને લાઈટિંગ માટે બ્લોક A માંથી વીજ પુરવઠો મળી શકશે નહીં. પાર્ટી દ્વારા અલગથી સ્વખર્ચે DG Set સેટ ની વ્યવસ્થા કરવાની રહેશે.

22. બ્લોક A બુક કરાવનાર પાર્ટી દ્વારા બ્લોક A સાથે અન્ય કોઈ પણ બ્લોક B, C, D કે E અથવા બધાજ બ્લોક બુક કરવામાં આવશે તો બ્લોક A ના ૯૮ કિલોવોટની સર્વિસમાંથી પાર્ટી દ્વારા કેબલ મૂકીને અન્ય બ્લોકમાં વીજ પુરવઠો મેળવી શકશે. તેનો કેબલિંગ ખર્ચ તે પાર્ટીએ ભોગવાનો રહેશે. આ ઉપરાંત જો લાઈટીંગ માટે ૧૪ કિલોવોટથી વધુ વીજપુરવઠો જરૂરી હશે તો પાર્ટી દ્વારા અલગથી DG Set ની વ્યવસ્થા તેઓ ના સ્વખર્ચે કરવાની રહેશે.
23. 100 કરતાં વધુ જન મેદની એક જગ્યા એ એકત્ર થવાની હોય ત્યારે રાજ્ય સરકાર ના R & B વિભાગના ઈલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર નું NOC ફરજિયાત મેળવવાનું રહેશે. NOC મેળવવાની તમામ જવાબદારી પ્લોટ બુક કરાવનારની રહેશે.
24. ચાલુ કાર્યક્રમ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધિકારીઓ ઇન્સ્પેક્શન કે અન્ય કામે દાખલ થશે તો તેને સહકાર આપવાનો રહેશે.
25. કોઈ પણ સંસ્થાને કે વ્યક્તિને કોઈ પણ કાર્યક્રમ માટે ડીસ્કાઉન્ટ કે કન્સેશન આપવામાં આવશે નહી.
26. કાર્યક્રમનાં દિવસો સિવાય મંડપ, રેમ્પ, ગ્રાઉન્ડ બાંધવા/તૈયાર કરાવવા તથા છોડવા/ડીસ્મેન્ટલ કરવાના માટે પ્રતિ દિન લેખે લાગૂ પડતાં ભાડાના ૫૦% વધારાની રકમ ભરવાની રહેશે.
27. ભાડાની કુલ રકમ ઉપર લાગૂ પડતો ટેક્સ ભાડે રાખનાર વ્યક્તિ/સંસ્થાએ અલગથી ભરવાનો રહેશે.
28. વ્યક્તિ/સંસ્થાએ નક્કી કરેલ ભાડાની પૂરીપૂરી રકમ (ટેક્સ સાથે) તથા ભાડનાં ૫૦% ડીપોઝીટ (ટેક્સ સિવાય) તરીકે ભરવાની રહેશે. આ ડીપોઝીટની રકમ કાર્યક્રમના પૂર્ણ થયા બાદ ૩૦દિવસમાં રીફંડ કરી આપવામાં આવશે.
29. જે વ્યક્તિ/સંસ્થા ના નામ પર બુકિંગ થયેલ હશે તે નામે જ ડીપોઝીટની રકમ પરત મેળવી શકશે. જે માટે બુકિંગ થયેલ નામે નો કેન્સલ ચેક આપવાનો રહેશે.
30. વ્યક્તિ/સંસ્થાએ બુકિંગ કરવાના સમયે ફરજિયાત ઓળખના પુરાવા તથા સરનામાની વિગત આપવાની રહેશે.
31. કાર્યક્રમના આયોજનને લગતી પોલીસ પરમિટ, ફાયબ્રિગેડ, સીકયુરીટી, હેલ્થ, ઇન્સ્યોરન્સ સેફ્ટી ની મંજુરી તથા અત્રે ઉલ્લેખ ન હોય પરંતુ જરૂરી હોય તેવી સરકારી ધારા ધોરણ મુજબની પરવાનગી લેવાની સઘળી જવાબદારી વ્યક્તિની/સંસ્થા રહેશે. કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ માટે સા.રી.ફ્ર.ડે.કો.લી. જવાબદાર રહેશે નહી.
32. ઉપર જણાવેલ જરૂરી પરવાનગીઓ કાર્યક્રમના ૩ દિવસ અગાઉ સા.રી.ફ્ર.ડે.કો.લી.ની ઓફિસમાં જમા કરાવવાની રહેશે. જો જરૂરી પરવાનગીઓ ૩ દિવસમાં જમા કરવામાં નહિ આવે તો સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા કાર્યક્રમ રદ કરવામાં આવશે અને ભાડાની રકમ જપ્ત કરવામાં આવશે.
33. વ્યક્તિ/સંસ્થાએ જરૂરી પરવાનગીની અસલ નકલ આપવાની રહેશે. જો આપેલ નકલ બનાવટી કે ભ્રામક જણાશે તો વ્યક્તિ/સંસ્થા વિરુધ્ધ કાયદાકીય પગલા લેવામાં આવશે.

34. કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ સુધી કાર્યક્રમની તારીખ બદલવવા માટેની આવેલ અરજીમાં માંગેલ કાર્યક્રમની તારીખમાં કોઈ બુકિંગ ન હોય તો ભાડાની રકમ ઉપરાંત વધારાના ૫૦% લઈ ટ્રાન્સફર કરી આપવામાં આવશે. જેની મંજુરી અગાઉથી booking@srfdcl.com પર અરજી કરી મેળવવાની રહેશે.
35. ઈવેન્ટ સેન્ટર ખાતે આવેલ કોન્ફરન્સ હોલનો વપરાશ દર રૂ. ૧૦,૦૦૦/- + GST અલગથી આપવાનો રહેશે.
36. વ્યક્તિ/સંસ્થા બુકિંગ કર્યા બાદ વપરાશની જગ્યા બદલવા માટે અરજી કરે તો જગ્યાની ઉપલબ્ધતા મુજબ વિના મુલ્યે આવો ફેરફાર કરી આપવામાં આવશે. આવા ફેરફારની અરજી કાર્યક્રમના ૧૦ દિવસ અગાઉ કરવાની રહેશે, જેની માટે વ્યક્તિ/સંસ્થાએ booking@srfdcl.com પર અરજી કરી મંજુરી મેળવવાની રહેશે.
37. કાર્યક્રમ પૂર્વે તથા પૂર્ણ થયા બાદ સફાઈની સઘળી જવાબદારી કાર્યક્રમનું આયોજન કરનાર વ્યક્તિ/સંસ્થાની રહેશે. જગ્યા વપરાશ કર્યા બાદ મૂળ સ્થિતિમાં પરત નહી કરવામાં આવે તો દંડની રકમ તરીકે ડીપોઝીટના ૫૦% સમકક્ષ રકમ કાપી લેવામાં આવશે.
38. વ્યક્તિ/સંસ્થાને કાર્યક્રમની તૈયારી તેમજ ડીસમેન્ટલ માટે કાર્યક્રમના દિવસ સિવાય જો વધારના દિવસની જરૂર જણાયતો જે તે તારીખે જગ્યા ઉપલબ્ધ હશે તો જ મંજુરી આપવામાં આવશે. વ્યક્તિ/સંસ્થાએ આવી મંજુરી booking@srfdcl.com પર અરજી કરી અને વધારાની ફી ની ચુકવણી કરી મેળવવાની રહેશે.
39. વ્યક્તિગત/સંસ્થાએ પ્રદર્શન લાયસન્સ, મનોરંજન લાઈસન્સ, પબ્લિક પર્ફોર્મન્સ લાયસન્સ અને/અથવા કોઈપણ જરૂરી પરવાનગીઓ/એનઓસી/ લાયસન્સ ડ્રમ્સ, સંગીત, રેકોર્ડેડ ઓડિયો-વિડિયો જાહેર વિસ્તારોમાં/ઈવેન્ટ/પ્રવૃત્તિમાં વગાડવા માટે મેળવવું અનિવાર્ય રહશે. કોઈ પણ સંજોગો માં ઉપરોક્ત પરવાનગીઓ / એનઓસી / લાયસન્સ મેળવવામાં ડિફોલ્ટના કિસ્સામાં, SRFDCL અને તેના અધિકારીઓ / નિર્દેશકો / પ્રતિનિધિઓ તેના માટે જવાબદાર રહેશે નહીં. તે ઈવેન્ટના આયોજક / વ્યક્તિગત / સંસ્થાની સંપૂર્ણ અને સંપૂર્ણ જવાબદારી છે.
40. યોગ્ય લાયસન્સ/ પરવાનગીઓ/એનઓસી વિના જાહેર સ્થળોએ/પબ્લિક ઈવેન્ટ માં પ્રી-રેકોર્ડેડ સંગીત અનધિકૃત રીતે વગાડવું એ બિન-જામીનપાત્ર અને નોંધનીય ગુનો છે.
41. ભાડાના દર નીચે મુજબ છે.

| Event Centre<br>Revised Rate W.E.F. from 01-04-24 to 31-03-25 | | | |
|---|---|---|---|
| Description | "A" Block<br>Stage Rent Rs. 21,200/- included | "B, C, D" Block | "E" Block |
| Marriage, Social & Get together (લગ્ન, ગેટ ટુ ગેધર, સામાજિક કાર્યક્રમ) | | | |
| Rent | 81,480.00 | 59,220.00 | 15,750.00 |
| GST 18% | 14,666.00 | 10,660.00 | 2,835.00 |
| Total Rent | 96,146.00 | 69,880.00 | 18,585.00 |

sabarmati RIVERFRONT

| Event Centre<br>Revised Rate W.E.F. from 01-04-24 to 31-03-25 | | | |
|---|---|---|---|
| **Description** | **"A" Block**<br>**Stage Rent Rs. 21,200/- included** | **"B, C, D" Block** | **"E" Block** |
| Deposit | 40,740.00 | 29,610.00 | 7,875.00 |
| Deposit (Light) | 15,000.00 | 0.00 | 0.00 |
| Total for D.D. | 1,51,886.00 | 99,490.00 | 26,460.00 |
| **Commercial / Exhibition (વ્યાવસાયિક / પ્રદર્શન)** | | | |
| Rent | 1,11,090.00 | 88,830.00 | 21,000.00 |
| GST 18% | 19,996.00 | 15,989.00 | 3,780.00 |
| Total Rent | 1,31,086.00 | 1,04,819.00 | 24,780.00 |
| Deposit | 55,545.00 | 44,415.00 | 10,500.00 |
| Deposit (Light) | 15,000.00 | 0.00 | 0.00 |
| Total for D.D. | 2,01,631.00 | 1,49,234.00 | 35,280.00 |
| **Spiritual (ધાર્મિક)** | | | |
| Rent | 66,780.00 | 44,520.00 | 10,500.00 |
| GST 18% | 12,020.00 | 8,014.00 | 1,890.00 |
| Total Rent | 78,800.00 | 52,534.00 | 12,390.00 |
| Deposit | 33,390.00 | 22,260.00 | 5,250.00 |
| Deposit (Light) | 15,000.00 | 0.00 | 0.00 |
| Total for D.D. | 1,27,190.00 | 74,794.00 | 17,640.00 |
| **Government Program (સરકારી કાર્યક્રમ)** | | | |
| Rent | 44,520.00 | 22,260.00 | 10,500.00 |
| GST 18% | 8,014.00 | 4,007.00 | 1,890.00 |
| Total Rent | 52,534.00 | 26,267.00 | 12,390.00 |
| Deposit | 22,260.00 | 11,130.00 | 5,250.00 |
| Deposit (Light) | 15,000.00 | 0.00 | 0.00 |
| Total for D.D. | 89,794.00 | 37,397.00 | 17,640.00 |

**ખાસ નોંધ : ઈવેન્ટ સેન્ટર ખાતે આવેલ બ્લોક–ઈ માં પાણી કનેક્શન, કિચન તથા ટોઈલેટ ની કોઈ પણ જાતની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. બ્લોક–ઈ બુક કરાવતી વખતે આ બાબત ખાસ ધ્યાને રાખવી.**

**ઈવેન્ટ સેન્ટર ખાતે પ્લોટ્સ બુક કરાવનાર વ્યક્તિ/સંસ્થાએ ફરજિયાતપણે મલ્ટી લેવલ કાર પાર્કિંગ (MLCP) પર તેમના વાહનો પાર્ક કરવાના રહેશે અને MLCP ના ધોરણો મુજબ ચાર્જ ચૂકવાનો રહેશે.**

MLCP ની બાજુમાં ઉપલબ્ધ ખુલ્લી જગ્યામાં બસ, ટ્રક વગેરે જેવા ભારે વાહનો અને ટેમ્પો વગેરે જેવા મીની હેવી વાહનો માટે નીચે મુજબના પાર્કિંગ દરો નક્કી કરવામાં આવેલ છે જે મુજબ નો ચાર્જ વસૂલ કરવામાં આવશે.

| Hours | Heavy Vehicles | Mini Heavy Vehicles |
|---|---|---|
| Up to 12: AM | 200 | 150 |